પી. ટી. સી. કોલેજોમાં પ્રવેશ વખતે
ગુણકપાત કરવા બાબત .

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : ટીસીએમ/૧૪૦૨/૧૫૧૬/ન.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :૭/૩/૨૦૦૩

**વંચાણે લીધા :-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૩૧/૦૩/૯૦ નો પત્ર ક્રમાંક: ટીસીએમ/૧૪૮૯/૨૬૭/૯૦/ન.
(૨) શિક્ષણ વિભાગનો તા. ૯/૦૬/૯૮ નુ જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ-૯/ટીસીએમ/૧૪૯૮/૯૦૬/૯૮/ન.
(૩) નિયામક.પ્રાશિનિ નો તા. ૧૯/૦૮/૨૦૦૨ નો પત્રક્રમાક: ૪૧/શતપ/૪/૫૪૭૩
(૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ નો ઠરાવક્રમાંક: મસજ/૧૦૦૨/૧૦૦૦/તા.૧૮/૫/૨૦૦૨

**ઠ રા વ :-**

શિક્ષણ વિભાગના તા.૯/૦૬/૯૮ ના જાહેરનામા થી પીટીસી કોલેજોમાં પ્રવેશ માટેની શૈક્ષણિક લાયકાત એસ.એસ.સી. ને બદલે એચ.એસ.સી. ( ધો-૧૨) કરવામા આવેલ છે. પી.ટી.સી. કોલેજોમાં પ્રવેશ વખતે એચ..એસ.સી પરીક્ષા એક કરતા વધુ પ્રયત્ને પાસ કરી હોય તો ટ્રાયલ દીઠ ૬ ગુણ કપાત કરવાનું ધોરણ- રાખવાના સરકારના હુકમો હતા. અનુક્રમ નં.૪ પરના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવથી મેડીકલ અને એન્જીનીયરીંગ પ્રવેશ માટે પણ ટ્રાયલ દીઠ ૧૫ માર્કસની ગુણ કપાતની જોગવાઇ તથા સેન્ટ્રલ બોર્ડના વિધાર્થીઓ માટે ૧૦ ગુણની જોગવાઇ થયેલ છે. આ તમામ હકીકતો ધ્યાને લઇ પુખ્ત વિચારણાને અંતે પી.ટી.સી. કોલેજોમાં પ્રવેશ આપતી વખતે ધો-૧૨ની પરીક્ષા એક કરતા વધુ પ્રયત્ન થી પસાર કરી હશે તો ગુજરાત એચ.એસ.સી. બોર્ડમાં મેળવેલ કુલ ગુણમાંથી વધારાના દરેક પ્રયત્ન દીઠ ૧૫-(પંદર) ગુણ તથા સેન્ટ્રલ બોર્ડના વિધાર્થીઓ માટે ૧૦ ગુણ કાપવાનુ ઠરાવવામા આવે છે. એક પ્રવાહમા નાપાસ થનાર વિધર્થી દવારા એચ.એસ.સી. પરીક્ષા પ્રવાહ બદલીને પાસ કરેલ હશે તો પણ પ્રયત્ન ગણવાનો રહેશે.

વિધાર્થી ધોરણ-૧૨ ની પરીક્ષામાં કોઇ કારણસર બેસે નહી અથવા ડ્રોપ લે તો પણ દર પ્રસંગ દીઠ ૧૫ ગુણની /૧૦ ગુણની કપાત દરેક ટ્રાયલે ગણવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. કે. ભાવસાર )
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

**નકલ રવાના :-**

માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. સેકટર-૨૧, ગાંધીનગર.
માધ્યમિક શિક્ષણ બોર્ડ, બ્લોક-ન.૧૦, ગાંધીનગર.
રાજય પરીક્ષા બોર્ડ, આર.સી. હાઇસ્કુલ કમ્પાઉન્ડ, દિલ્હી ચકલા, અમદાવાદ-૧
શિક્ષણ વિભાગ હેઠળના તમામ ખાતાના વડાઓ.
દરેક જિ. શિ. અધિકારીશ્રી, (પ્રા. શિ. નિયા.શ્રી મારફત)
નાયબ સેકશન અધિકારીશ્રી, સિલેકટ ફાઇલ.
સિલેકટ ફાઇલ.

(૪) સમગ્ર રાજયના તમામ પ્રાથમિક શિક્ષકો માટે એકસાથે જયારે તાલીમનું આયોજન કરવામાં આવે ત્યારે ઉપર ક્રમાંક (૧), (૨) અને (૩) માં દર્શાવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવું, જેથી શૈક્ષણિક કાર્યમાં વિક્ષેપ પડે નહીં.

(૫) એવી તાલીમો કે જે રાજયના તમામ શિક્ષકોને આપવાની નથી પરંતુ મર્યાદિત સંખ્યાના શિક્ષકોને તાલીમ આપવાની હોય ત્યારે ઉપર દર્શાવેલ સૂચનાઓ લાગુ પડશે નહીં. અર્થાત્ શાળાના તમામ શિક્ષકોને એકસાથે તાલીમમાં મોકલવાના ન હોય તો ઉપર દર્શાવેલ સૂચના લાગુ પડશે નહીં.

(૬) શિક્ષકોની તાલીમોમાં વિષય અને વિગતો (Content) નું પુનરાવર્તન અટકાવી સ્થાનિક જરૂરીયાત મુજબ (Need Base) તાલીમો શિક્ષકોને અપાય તે બાબત ખાસ ધ્યાનમાં રાખવાની રહેશે.

(૭) દરેક જિલ્લાએ તેમની તાલીમની જરૂરીયાત તથા સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ૨૦ દિવસની તાલીમનું કેલેન્ડર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા પ્રાથમિક શિક્ષણ સંઘના હોદ્દેદારો સાથે પરામર્શ કરીને નકકી કરવાનું રહેશે. ૨૦ દિવસની તાલીમનું કેલેન્ડર નાણાકીય વર્ષ શરૂ થતા પહેલાં ફેબ્રુઆરી માસમાં બનાવવાનું રહેશે. દા.ત. નાણાકીય વર્ષ ૨૦૦૬-૦૭ માટેનું તાલીમનું કેલેન્ડર ફેબ્રુઆરી-૨૦૦૬ માં તૈયાર કરીને એસ.એસ.એ. મિશન, ગાંધીનગરને મોકલવાનું રહેશે.

( એસ.બી.ગરાસિયા )
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ પ્રતિ,

- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, એસ.એસ.એ. મિશન, સેકટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેકટર-૧૨, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુ.રા., ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન અને શાળાઓની કચેરી, ગુ.રા., ગાંધીનગર.
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ } (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી
- તમામ શાસનાધિકારીશ્રીઓ, મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ } દ્વારા મારફત)
- તમામ પ્રાચાર્યશ્રીઓ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી. દ્વારા મારફત)